ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર કમિશનર બેનિવાલની મુલાકાત બાદ નિર્ણય

ખજોદમાં હવે 4 મશીનથી પ્રોસેસિંગ

10 લાખ મેટ્રિક ટન સુધી કચરો જમા થયાનો અંદાજ

૭ મહિનામાં બેકલોગ દૂર કરવાનો ટાર્ગેટ



હોટફિક્સ કચરાને કોમ્પેક કરવા મશીન ખરીદાશે: કમિશનર

શહેરમાં હોટફિક્સના કચરાના નિકાલનો મુદ્દો સુરત મનપા માટે માથાનો દુખાવો બની રહ્યો છે. હોટફિક્સના કચરાના ઢગલા, તેના સંગ્રહ અને નિકાલને લઈને અગાઉ મનપાની કામગીરી સામે અનેક સવાલો ઊઠ્યા હતા. આ મામલે હવે મનપા તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. મનપા કમિશનર રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, હોટફિક્સના કચરાના નિકાલ માટે મનપા દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ખાસ કરીને હોટફિક્સના કચરાને કોમ્પેક કરી શકાય તે માટે જરૂરી મશીનરી વસાવવાની દિશામાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. માત્ર મશીનરી વસાવીને કચરાનો જથ્થો ઘટાડવા પૂરતું મર્યાદિત ન રહેતાં મનપા દ્વારા હોટફિક્સના કચરામાંથી સ્ટીમ બનાવતી એજન્સીઓ સાથે પણ વાતચીત શરૂ કરવામાં આવી છે. આ અંગે વાપીની એક એજન્સી સાથે પણ ચર્ચા થઈ હોવાનું કમિશનરે જણાવ્યું હતું.

સુરતઃ સુરત મનપા માટે માથાના દુખાવા સમાન બનેલી ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર ફરી એક વખત કચરાના ઢગલા ઊભા થતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ખજોદ ખાતે ઘનકચરાના નિકાલનો ઈજારો લેનારી એજન્સી દ્વારા અપેક્ષિત ગતિએ કામગીરી ન થતી હોવાના કારણે ડિસ્પોઝલ સાઇટ પર કચરાનો મોટો જથ્થો એકત્ર થયો છે. એક અંદાજ મુજબ હાલ ખજોદ સાઇટ પર લગભગ 10 લાખ મેટ્રિક ટન જેટલો કચરો એકત્ર થયો હોવાનું સામે આવ્યું છે.

ખજોદ ડિસ્પોઝલ સાઇટની સ્થિતિને લઈ મનપા કમિશનર રાજકુમાર બેનીવાલે જાતે સ્થળ પર પહોંચી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપરાંત સાઇટ પર કામગીરી કરતી એજન્સીના પ્રતિનિધિઓ સાથે પણ તેમણે ચર્ચા કરી હતી. કમિશનરના જણાવ્યા મુજબ હાલ એજન્સી દ્વારા બે મશીન મારફતે કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે, કામગીરીની ગતિ ધીમી જણાતાં વધુ બે મશીન તાત્કાલિક કામે લગાડવા એજન્સીને સૂચના આપવામાં આવી છે. એટલે હવે કુલ ચાર મશીનથી કામગીરી ઝડપી બનાવવામાં આવશે.

કમિશનરે જણાવ્યું હતું કે, હાલ રોજ એકત્રિત થતો ઘનકચરો પ્રોસેસ કરવામાં આવી રહ્યો છે. વધુ બે મશીન કાર્યરત થયા બાદ ખજોદ ખાતે હાલ એકત્ર થયેલા કચરાના બેકલોગનું પ્રોસેસિંગ આગામી છથી સાત મહિનામાં પૂર્ણ કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. મૂળ ઈજારામાં ત્રણ વર્ષ દરમિયાન 1 લાખ મેટ્રિક ટન ઘનકચરાના નિકાલની જવાબદારી ધરાવતી એજન્સીની કામગીરી અગાઉ પણ ચર્ચામાં રહી હતી. કામગીરીમાં અપેક્ષિત પ્રગતિ ન હોવા છતાં અગાઉ દંડાત્મક કાર્યવાહી અંગે સવાલો ઊઠ્યા હતા અને એજન્સીને કરોડો રૂપિયાના બિલની ચૂકવણી પણ કરવામાં આવી હોવાની ચર્ચા છે. કામગીરીની સ્થિતિને જોતાં ઈજારો વધુ સમય માટે લંબાવવાની ફરજ તંત્રને પડી હતી. હવે બીજા તબક્કામાં પણ કામગીરી ધીમી રહેતા ખજોદમાં કચરાના ઢગલા વધ્યા છે. બીજી તરફ ઉંબેર ખાતે નવી ડિસ્પોઝલ સાઇટ વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. વર્ષ-2027ના પ્રારંભમાં ઉંબેરની સાઇટ અંશતઃ ક્ષમતા સાથે શરૂ થાય તેવી શક્યતા છે. શરૂઆતમાં આશરે 1500 મેટ્રિક ટન જેટલો ઘનકચરો ઉંબેર ખાતે પ્રોસેસિંગ માટે મોકલવાનું આયોજન છે. જોકે, ઉંબેરની સાઇટ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત થાય ત્યાં સુધી ખજોદમાં જ હાલની ડિસ્પોઝલ સાઇટની બાજુમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. ઉંબેર ખાતે 1500 મેટ્રિક ટન કચરો મોકલ્યા બાદ બાકી રહેતા શહેરના ઘનકચરાના પ્રોસેસિંગ અને નિકાલ માટે ખજોદ ખાતે આ નવી સાઇટનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

એશિયન ગેમ્સમાં સુરતના યશ ભાલાવાલા ટીમ મેનેજર રહેશે

જાપાનમાં યોજાનારી સ્પોર્ટિંગ ઇવેન્ટમાં ભારતીય Esports ટીમની જવાબદારી સંભાળશે

સુરતઃ સુરતના યશ ભલાવાલાની જાપાનમાં યોજાનારી 20મી એશિયન ગેમ્સ Aichi-Nagoya 2026 માટે ભારતીય Esports (કોમ્પ્યુટર, મોબાઇલ અને ગેમિંગ કન્સોલ પર રમાતી રમતો) ટીમના ટીમ મેનેજર તરીકે નિમણૂક કરવામાં આવી છે. 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાનારી આ એશિયન ગેમ્સમાં યશ ભાલાવાલા ભારતીય Esports ખેલાડીઓ અને ટીમના સંચાલનની જવાબદારી સંભાળશે. યશ ભલાવાલા અગાઉ કોમનવેલ્થ Esports ચેમ્પિયનશિપ 2022, બર્મિંગહામ તથા 19મી એશિયન ગેમ્સ, Hangzhou 2023માં પણ ભારતીય Esports ટીમના ટીમ મેનેજર તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. 20મી એશિયન ગેમ્સમાં ભારત ચાર Esports Titlesમાં ભાગ લેશે. તેમાં League of Legends, Pokmon UNITE, eFootball અને Puyo Puyo Championsનો સમાવેશ થાય છે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ભારતના 15 સભ્યોના Esports દળને મંજૂરી આપવામાં આવી છે.

ડિંડોલીમાં ઓવરટેક કરવા બાબતે ઓટો ચાલકને ચપ્પુ માર્યું

સુરતઃ ડિંડોલીમાં ઓવરટેક કરવાની બાબતે થયેલા ઝગડામાં એક રિક્ષા ચાલકને ચાકુ મારી દેવાયું હતું. આ ઘટનાની મળતી માહિતી અનુસાર રિંગ રોડ સ્થિત ન્યૂ સુપ્રીમ માર્કેટમાં 'સાંઇ સિયારામ સિલ્ક મિલ્સ' નામે સાડીનો વેપાર કરતા અને મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જિલ્લાના વતની યોગેશભાઇ સિયારામ મિશ્રા (ઉ.વ.૪૯, રહે. અંબિકા રો-હાઉસ, ફ્લાવર ગાર્ડનની બાજુમાં, ડિંડોલી)ઘરે હાજર હતા તે સમયે તેમના ભત્રીજા ભરત મિશ્રાનો ફોન આવ્યો તો અને તેણે કહ્યું હતું કે ખાડી કેનાલરોડ પર રિક્ષા ઓવરટેક કરવાની બાબતે બે જણાએ તેમના પર ચપ્પુથી હુમલો કરી દીધો છે અને તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તેમના ફોન બાદ યોગેશ મિશ્રાએ ભત્રીજા પર થયેલા હુમલાની ફરિયાદ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

પેરોલ પર છૂટી ભાગેલો આજીવન કેદનો આરોપી ઝડપાયો

સુરતઃ અશ્વિનીકુમાર પટેલનગર ખાતે મહેન્દ્ર ઉર્ફે પિન્ટુ તથા તેના સાગરીતો અરમેઠ યાદવ અને અનિલે ભેગા મળી બાદલ પ્રધાન નામના યુવકને ધનુબેનની કેમ મશ્કરી કરે છે?" તેમ કહી ચપ્પુ, લોખંડની મૂઠ અને લાકડાના ફટકા વડે તૂટી પડી કરપીણ હત્યા કરી હતી. જેમાં કોર્ટે મહેન્દ્ર ગામીતને આજીવન કેદની સજા ફટકારી હતી. પેરોલ પર છૂટ્યા બાદ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ જેલમાં પરત હાજર થવાનું હતું, પરંતુ તે ફરાર થઇ ગયો હતો. દરમિયાન ક્રાઇમ બ્રાંચે મળેલી બાતમીના મહેન્દ્ર ઉર્ફે પિન્ટુ દશરથભાઇ ગામીત (ઉ.વ.૪૧, રહે. નવો મહોલ્લો, પટેલનગર, અશ્વિનીકુમાર રોડ, સુરત તથા એસએમસી આવાસ, નિશાળ સર્કલ પાસે, પાલ,)ને એકેરોડની ફૂલ માર્કેટ પાસેથી ઝડપી લીધો હતો.

પગરખાંના વેપારીને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ ચેક રીટર્ન કેસમાં ગ્વાલીયરના આરોપી બાલાજી ટ્રેડર્સના પ્રોપાઇટર સન્ની હોતવાણીને કોર્ટે ૬ માસની કેદની સજા ફટકારી હતી. ફરીયાદી કંપની એરોવોક ઇન્ટરનેશનલ પ્રા. લી.કંપની પાસેથી આરોપીએ પગરખાંનો માલ ખરીદી પેમેન્ટ પેટે ચેક આપ્યાં હતાં જે ચેક રિટર્ન થતાં ફરિયાદી કંપનીએ એડવોકેટ નરેશ નાવડીયા દ્વારા કોર્ટમાં ફરીયાદ કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપીને છ માસની સજા અને રૂા.૫,૬૬,૦૯૮ ફરીયાદીને વળતર તરીકે ચુકવવાનો આદેશ કર્યો હતો.

સુરતમાં 7મી આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિષદ યોજાઈ

■ સુરતઃ સુરત શહેરમાં 19 થી 21 સપ્ટેમ્બર દરમિયાન 7મી આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલ ખાતે આવેલા સંજીવ કુમાર ઓડિટોરિયમમાં યોજાયેલી પરિષદમાં દેશ-વિદેશમાંથી બૌદ્ધ ભિક્ષુઓ, વિદ્વાનો અને પ્રતિનિધિ મંડળો એ ભાગ લીધો હતો. સુરત ઉપરાંત ગુજરાતના વિવિધ જિલ્લાઓ તેમજ અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : સતીષ જાદવ)**

ટેક્સટાઇલ માર્કેટ-4ના હમાલોની હડતાળ સમેટાઈ

સુરત : શહેરના ભાઠેના ખાતે આવેલા મિલેનિયમ - 4 ટેક્સટાઇલ માર્કેટના પાર્સલ ઊંચકનાર હમાલોએ મજૂરી દરમાં વધારાને લઈને અનિશ્ચિત મુદતની હડતાળનો માર્ગ અપનાવ્યો હતો. સોમવારે વેપારીઓએ યુનિયનની માંગણી સ્વીકારી લીધી, જે પછી હડતાળ સમેટાઈ હતી. સુરત જિલ્લા ટેક્સટાઇલ માર્કેટિંગ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયનના પ્રમુખ ઉમાશંકર મિશ્રા અને પ્રવક્તા શાન ખાને જણાવ્યું હતું કે બે-અઢી મહિના પહેલાં યુનિયન દ્વારા મજૂરી દરમાં વધારો કરવા અંગે માર્કેટ મેનેજમેન્ટને પત્ર પાઠવવામાં આવ્યો હતો, પરંતુ માર્કેટ મેનેજમેન્ટ દ્વારા તેની કોઈ નોંધ લેવામાં આવી ન હતી, જેના કારણે કામદારોને હડતાળનો માર્ગ અપનાવવાની ફરજ પડી હતી.

9 માસની બાળકી લાઈટ ગળી ગઈ, તબીબે શ્વાસનળીમાંથી કાઢી

નવી સિવિલના ENT તબીબોએ કાપકૂપ કર્યા વગર બ્રોન્કોસ્કોપીથી લાઇટ બહાર કાઢી બાળકીનો જીવ બચાવ્યો

સુરતઃ વ્યારા ખાતે રહેતા શ્રમજીવી પરિવારની માત્ર 9 માસની બાળકી રમકડાં સાથે રમતી વખતે મોબાઇલ ફોનના રમકડાની વાયર સાથે જોડાયેલી લાઇટ ગળી જતાં તે શ્વાસનળીમાં ફસાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ વ્યારા રોડ પર રહેતા શ્રમજીવી પરિવારની 9 માસની બાળકી બુધવારે સાંજે ઘરે રમતી હતી. દરમિયાન રમકડાંના મોબાઇલ ફોન સાથે જોડાયેલી વાયરવાળી લાઇટ બાળકી ગળી ગઈ હતી. લાઇટ શ્વાસનળીમાં ફસાઈ જતાં બાળકીનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો અને પરિવારજનો ગભરાઈ ગયા હતા. તાત્કાલિક સારવાર માટે બાળકીની વ્યારા ખાતેની હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવી હતી. બાદમાં વધુ સારવાર માટે તેને સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

નવી સિવિલ હોસ્પિટલના નાક-કાન-ગળા વિભાગના તબીબોએ તપાસ કરતાં લાઇટ શ્વાસનળીમાં ફસાઈ હોવાનું જણાયું હતું. ત્યારબાદ ડોક્ટરોની ટીમે બાળકીનું કાપકૂપ કર્યા વગર રિજિડ બ્રોન્કોસ્કોપી દ્વારા ઓપરેશન કર્યું હતું. આશરે એક કલાકની જહેમત બાદ શ્વાસનળીમાં ફસાયેલી વાયર સાથેની લાઇટ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી.

ENT વિભાગના ડો.યુ. એન.પટેલ તથા સિનિયર રેસિડેન્ટ ડો.વિસ્મી બંદરીયા તથા એનેસ્થેસિયાના ડો.શ્વેતા પટેલ સહિતની ટીમે આ સફળ સારવાર કરી હતી. તબીબોના જણાવ્યા મુજબ જો લાઇટ સમયસર બહાર કાઢવામાં આવી ન હોત તો બાળકીની શ્વાસનળીમાં વધુ ઈજા થવાની સાથે શ્વાસ લેવામાં ગંભીર તકલીફ સર્જાઈ શકતી હતી અને વેન્ટિલેટરની પણ જરૂર પડી શકતી હતી. સમયસર સારવાર મળતાં બાળકીનો જીવ બચી ગયો હતો.

21.91 લાખની ઠગાઈ કેસમાં સુટેક્ષ બેંક દ્વારા ફરિયાદ

મોર્ગેજ મિલકતનું ખોટું પેઢીનામું બનાવી મિલકત વેચી નાંખી

સુરત : રાંદેર વિસ્તારમાં આવેલી સુટેક્ષ કો-ઓપરેટિવ બેંક લિ. સાથે રૂપિયા 21.91 લાખથી વધુની ઠગાઈના મામલામાં સુટેક્ષ કો.ઓપરેટિવ બેંકના મેનેજર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૃત માતાની બેંકમાં મોર્ગેજ મિલકતનું ખોટું પેઢીનામું બનાવી સુટેક્ષ બેંકની જાણ બહાર રૂપિયા 19.80 લાખમાં વેચી દેતા કાર્યવાહી કરવામાં આવી છે.

મામલો એવો છે કે, બેંકમાંથી લોન મેળવવા માટે મોર્ગેજ મૂકેલી મૃત માતાની મિલકતનું પુત્રએ ખોટું પેઢીનામું તૈયાર કરાવી પોતે એકમાત્ર વારસદાર હોવાનું દર્શાવ્યું હતું. ત્યારબાદ બેંકને જાણ કર્યા વિના આ મિલકત ત્રીજી વ્યક્તિને વેચી દેવામાં આવી હતી. સમગ્ર મામલે રાંદેર પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલ અડાજણ ખાતે રહેતા અને સુટેક્ષ બેંકની રાંદેર શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતા દિવ્યકાંત વ્યાસે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે રાંદેરના વેરીબી વિક્ટોરીયા તથા અડાજણના શાંકુતલ કોમ્પ્લેક્સ ખાતે રહેતા સરફરાઝ દસ્તગીર ખાન સામે કાર્યવાહી શરૂ કરી છે. ફરિયાદ મુજબ આરોપીએ મોટર વ્હીકલનો ધંધો કરવા માટે બેંક પાસેથી લોન લીધી હતી અને તેની સામે તેની મૃત માતાની મિલકત બેંકમાં મોર્ગેજ રાખવામાં આવી હતી. માતાના અવસાન બાદ પણ બેંકની લોન તથા વ્યાજ સહિત રૂપિયા 21,91,272નો બોજો ચાલુ હતો. તેમ છતાં આરોપીએ પોતે એકમાત્ર વારસદાર હોવાનું દર્શાવી પેઢીનામું તૈયાર કરાવી મોર્ગેજ મિલકત વેચી નાંખી હતી.

ફૂલપાડામાં 300 વર્ષ જૂનો વડ કાપી નંખાતાં લોકોમાં રોષ

ટ્રીમિંગ કરવાના નામે વૃક્ષની ડાળીઓની સાથે આખું થડ જ કાપી નંખાયું

સુરતઃ ફૂલપાડા ખાતે આવેલા પાંચ પાંડવના ઓવારા પાસે શ્રી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સ્થિત આશરે 300 વર્ષ જૂના પૌરાણિક વડના વૃક્ષને કાપી નાંખવામાં આવતાં સ્થાનિક રહીશો અને ધાર્મિક ટ્રસ્ટમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ગુપ્તેશ્વર મહાદેવ મંદિરનો ઉલ્લેખ તાપી પુરાણમાં પણ છે અને આ પૌરાણિક વડના વૃક્ષની સ્થાનિક લોકો વર્ષોથી પૂજા-અર્ચના કરતા આવ્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે, ટ્રીમિંગ કરવાના નામે વૃક્ષની ડાળીઓની સાથે આખું થડ જ કાપી નાંખવામાં આવ્યું છે, જે તદ્દન ગેરકાયદે અને અયોગ્ય છે. આ સાથે જ આ જૂના વડના વૃક્ષની લગોલગ શ્રી ગુપ્તેશ્વર ધર્મશાળા ટ્રસ્ટ દ્વારા ગેરકાયદે રીતે ધર્મશાળાનું બાંધકામ કરી પતરાંનો શેડ નાંખી દેવામાં આવ્યો હોવાની પણ લેખિત રજૂઆત સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેર અને શહેરી વિકાસ અધિકારીને કરવામાં આવી છે.

નાટ્ય સ્પર્ધામાં પ્રથમ દિવસે જ 1800નું બુકિંગ

તમામ નાગરિકોને નાટ્ય સ્પર્ધામાં સામેલ થઈ વિવિધ નાટકો નિહાળવા અનુરોધ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની સમૃદ્ધ નાટ્ય પરંપરાને જાળવી રાખવા અને ગુજરાતી રંગભૂમિને પ્રોત્સાહન આપવાના હેતુથી છેલ્લાં ૫૨ વર્ષથી સતત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે નાટ્ય સ્પર્ધા આગામી તા. 27 સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહી છે. આ વખતે મનપા દ્વારા નાટ્ય સ્પર્ધાના ઈતિહાસમાં પ્રથમ વખત ટિકિટ આધારિત પ્રવેશ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. નાટ્યપ્રેમી નાગરિકોને સરળતાથી પ્રવેશ મળી રહે એ માટે તા.21 સપ્ટેમ્બરથી ઓનલાઈન ટિકિટ બુકિંગ સુવિધા શરૂ કરવામાં આવી હતી, જેને પ્રથમ જ દિવસે નાગરિકો તરફથી ભારે પ્રતિસાદ સાંપડ્યો છે. વિવિધ નાટકો માટે શરૂ થયેલા બુકિંગમાં પ્રથમ દિવસે સાંજે 4 વાગ્યા સુધીમાં જ અંદાજે 1800થી વધુ ટિકિટનું વેચાણ થઈ ચૂક્યું છે.

સુરત મનપાના આ નવા પ્રયોગને મળેલા પ્રતિસાદને પગલે આગામી દિવસોના તમામ શો માટે ટિકિટ ઝડપથી બુક થઈ રહી છે. ઓનલાઈન ટિકિટિંગ વ્યવસ્થાના કારણે દર્શકો માટે અગાઉથી પોતાની બેઠક સુનિશ્ચિત કરવાનું આસાન બન્યું છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને આ નાટ્ય સ્પર્ધામાં સામેલ થઈ વિવિધ નાટકો નિહાળવા અને સ્થાનિક કલાકારો તેમજ નાટ્ય સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

સેપ્ટીક ટેન્કમાં માણસ ઉતારી સફાઈ કરાવનારા વિરુદ્ધ ફોજદારીની ચીમકી

ટાંકીમાં ઉતરેલા મજુરો સાથે કોઇ દુર્ઘટના ઘટશે તો વળતરની જવાબદારી પણ મિલ્કતદારોની રહેશે

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોના જીવના જોખમને ધ્યાને રાખીને શહેરના છેવાડાના વિસ્તારો સહિત તમામ ભાગોમાં આવેલી ખાનગી ડ્રેનેજ લાઈનો, ડ્રેનેજ ચેમ્બર, મશીન હોલ, ખાળકુવા અને સેપ્ટીક ટેન્કની મેન્યુઅલ (માનવ દ્વારા) સફાઈ કરાવનારાઓ વિરૂદ્ધ હવે કડક વલણ અપનાવીને ફોજદારી કાયદા હેઠળ કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. સુરતમાં અગાઉ ભૂગર્ભ ગટર કે સેપ્ટીક ટેન્કની હાથથી સફાઈ દરમિયાન ઝેરી ગેસ ગૂંગળામણને કારણે સફાઈ કામદારોના મોત થયાના ગંભીર કિસ્સાઓ બની ચૂક્યા છે અને સુપ્રીમ કોર્ટ દ્વારા પણ આ પ્રકારની માનવ આધારિત સફાઈ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં, કેટલાક મિલ્કતદારો કે સંસ્થાઓ દ્વારા સફાઈ કામદારોના જીવ જોખમમાં મૂકીને કામગીરી કરાવવામાં આવે છે. આથી, કાયદાની જોગવાઈઓનો ભંગ કરનાર એકમો, સંસ્થાઓ કે વ્યક્તિઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધીને કાયદેસરના પગલાં ભરવામાં આવશે. તે ઉપરાંત મનપાએ સ્પષ્ટતા કરી છે કે આવી ગેરકાયદેસર અને બિનઅધિકૃત સફાઈ દરમિયાન જો કોઈ કામદારનું મૃત્યુ થશે, તો તેના વારસદારોને ચૂકવવાની થતી વળતરની તમામ જવાબદારી અને રકમ આ કામગીરી કરાવનાર મિલ્કતદાર કે સંસ્થાની જ રહેશે, જેમાં મનપા કોઈ પણ પ્રકારની આર્થિક કે કાયદાકીય જવાબદારી લેશે નહીં કે વળતર ચૂકવશે નહીં.

આ જોખમી કામગીરી અટકાવવા અને સુરક્ષિત રીતે સફાઈ થાય તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા તમામ મિલ્કતદારોને અપીલ કરવામાં આવી છે કે ખાનગી વ્યક્તિઓ પાસે જોખમી રીતે સફાઈ કરાવવાને બદલે નજીકની ઝોન ઓફિસમાંથી આવશ્યકતા મુજબની આધુનિક સીવર ક્લીનિંગ મશીનરી નિયમાનુસાર ભાડે મેળવીને જ સેપ્ટીક ટેન્કની સફાઈ કરાવવી. વધુમાં, મનપા દ્વારા શહેરના છેવાડાના વિસ્તારો તેમજ જાહેર રસ્તાઓ પર આવેલ ડ્રેનેજ મશીન હોલ કે સેપ્ટીક ટેન્કના ઢાંકણાં સામાન્ય નાગરિકોએ પોતાની રીતે ન ખોલવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

મનપાના અધિકારીઓ સામે એસીબી દ્વારા તપાસની મંજૂરી મંગાયાની ચર્ચા

મનપાના ઈજારદાર ગોપાલ લાભાએ 5 અધિકારી સામે તપાસની માંગ કરી!

સુરતઃ સુરત મનપાના અધિકારીઓ સામે થયેલી ફરિયાદો અને અરજીઓ મુદ્દે એસીબીનું તંત્ર હરકતમાં આવ્યું છે. એસીબીના જણાવ્યા મુજબ સુરત મનપાના સ્ટ્રીટલાઇટ અને અન્ય વિભાગોના અધિકારીઓ સામે થયેલી ફરિયાદ અને અરજીઓના અનુસંધાને એસીબીએ મનપા કમિશનરને પત્ર લખી તપાસ માટે મંજૂરી માંગી છે.

મનપાના ઈજારદાર ગોપાલ લાભાએ કરેલી ફરિયાદના આધારે 5 અધિકારી સામે તપાસ માટેની મંજૂરી માંગવામાં આવી હોવાની ચર્ચા છે, જેમાં સ્ટ્રીટલાઇટ વિભાગના પૂર્વ વડા, પૂર્વ કાર્યપાલક ઈજનેર તેમજ પૂર્વ વિજિલન્સ ઓફિસર જયેશ ચૌહાણ અગાઉ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટના ટેન્ડર વિવાદમાં પણ તત્કાલીન કમિશનરના દબાણમાં આવીને નિર્ણયો લીધા હોવાના કથીત આક્ષેપોની તપાસ થવાની ચર્ચા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એસીબીમાં સુરત મનપાના વિવિધ વિભાગના અધિકારીઓ સામે વારતહેવારે અરજીઓ થતી રહે છે. જોકે, મોટા ભાગના કિસ્સામાં જવાબો લખાવી અરજીઓ દફ્તરે કરી દેવામાં આવે છે. અગાઉ મહેકમ, સ્ટ્રીટલાઇટ, આરોગ્ય અને સિક્યુરિટી વિભાગમાં લોમલોલ ચાલતી હોવાની અરજીઓ પણ થઈ ચૂકી છે.

જીવનભારતી શાળામાં મીટર પેટીમાં આગ ફાટી નીકળી

સુરત : નાનપુરા ટીમલીયાવાડ સ્થિત જીવનભારતી શાળાની પ્રવૃત્તિ વિદ્યાલયમાં સોમવારે સાંજે ઈલેક્ટ્રીક મીટરમાં શોર્ટ સર્કિટ થવાને કારણે શાળા પરિસરમાં ભાગદોડ મચી ગઈ હતી. સાંજે શાળા છુટવાના સમયે જ આ ઘટના ઘટતા ગભરાટનો માહોલ ફેલાયો હતો. બનાવની જાણ કરવામાં આવતા અલગ અલગ ત્રણ જેટલા ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો.

સબ ફાયર ઓફિસર રિતેશ દેશમુખનાં જણાવ્યા મુજબ સાંજે 4:30 કલાકે તેમને ફાયર કંટ્રોલ રૂમ તરફથી કોલ મળ્યો હતો કે નાનપુરા વિસ્તારની જીવનભારતી શાળામાં ઈલેક્ટ્રીક મીટરમાં શોર્ટ સર્કિટ થયો હતો. શાળામાં શોર્ટ સર્કિટ થયાની ગંભીરતાને લઈ નવસારી બજાર, મજુરા ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો.

વધુમાં સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતુ કે સાંજે 5 કલાકે શાળા છુટે છે તેનાં અડધા કલાકની અંદર જ આ બનાવ બન્યો હતો. જોકે શાળામાં હાજર શિક્ષકોએ સુઝબુઝનો ઉપયોગ કરી વિદ્યાર્થિનીઓ તથા પોતે પણ સુરક્ષિત સ્થાને ખસી ગયા હતા.

દરમિયાન ટોરંટ ફાયર બ્રિગેડની ટીમે પહોંચી પાવર સપ્લાઈ બંધ કરી નાખ્યો હતો. તેથી મામલો કાબુમાં આવી ગયો હતો. ટોરંટ પાવરની ટીમ દ્વારા કરાયેલી ત્વરીત કામગીરીને કારણે મોટી દુર્ઘટના થતી અટકી ગઈ હતી.